ન્ટોમશ યાને શરીફ બદમાશ



લોબ સીને

૭ કીમત માત્ર

૪૦ ભાગ

ફેન્ટોમસ

૪૦ ભાગ

અને

શરીફ બદમાશ

૪૦ ભાગની તદ્દન નવી ડીટેકટીવ

સીરીયલ

વીલ્યમ ફ્રેક્ષની કળાનો નમુનો

સીરીય-મા ભાગ ભજવનારા કેટલાક જાણીતા

અને અજાણ્યા માનીતા પાત્રો —

ફેન્ટોમસ--એડવર્ડ રોઝ મેન,

ઘડીએ વેષ બદલી ભલભલા ડીટેકટીવોને થાપ આપનાર

એક શરીફ બદમાશ

રૂથ—મીસ એ ના મરી" જેટની માફક લંગોગટનની એની એક લાડકી દીકરી

ઈ...ન—એક કામીયાગર રૂથનો બાપ

' એડી પાર્ટીના ડ્રામા બનાવનાર જાણીતો

- લાક

એક નફાદાર વીગ્ગો

શરીફ બદમાશ.

મહાન અમેરીકન સિરિયલ

૭ મું અઠવાડયું.

પ્રકરણ ૧૯.

ભાગ ૧

મરૂદના પંજામાં'

જરા વીચાર કરો એટલે તમને માલુમ પડશે કે, જીંદગીના માર્ગમાં હજારો વખત એવો પ્રસંગ આવે છે કે એકજ શબ્દ નહીં કે એકજ હરફ એટલે ના કહેવામાં તમારી ઉપરથી હજારો આફતો ટળી જાય છે અને હજારો મુસીબતો દુર થઇ જાય છે હા, એકજ "ના" એ કેટલી અબળાઓની નીતિનું રક્ષણ કર્યું છે એકજ "ના" એ કે, કેટલી કુમારીઓની મોતી જેવી આબરૂનો બચાવ કર્યો ખોટી 'હા" કહેવાના બદલામાં ખરી "ના" એ કેટલા દુઃખ ટાળ્યા છે? કેટલી મુસીબતો દુર કરી છે કેટલી આફતો નસાડી છે? કેવું સારૂ થાય જો આપણી હિંદની શાળાઓના અનુભવી શિક્ષકો અને શિક્ષકાઓ

બાળકો અને બાળકીઓને કયા વખતે હા કહેવી અને કયા પ્રસંગે ચોખ્ખી ના પાડવી તેનું બરાબર શિક્ષણ આપે । આ વિષય તુચ્છકારી જેવો નથી એની ઉપર તો મોટા મોટા વ્યાખ્યાનો આપી શકાય છે પણ તેનો આ પ્રસંગ નથી અમે તો નીતિની દેવી રૂથ હેરિંગ્ટન માટે કાંઇ લખી રહ્યા છીએ । તે આ વખતે પેલા મુજી ચીનાના ફંદામાં સપડાયલી છે જો 'હા' કહે છે તો આબરૂ જાય અને ના કહે તો જાન જવાનો સોદો છે' ચીનો કહે છે કે -

હમારે દિલકો જો કરદે ઘાયલ વો બાત એ નાઝની ન કહના
જો હય તુજે અપની જાન પ્યારી તો દેખ હરગિઝ 'નહી ન', કહના

બ્લેક અને જેક તેણીની શોધમાં ધરતી અને આકાશ એક કરી રહ્યા છે । ફેન્ટોમસ હજી બંધ છે ।

"હા, કહેવા ચીનો હવે આ નિરાધાર અબળાને ધમકી આપે છે "નહિ તો, આ છરી તારૂં કામ તમામ કરશે ।"

અદાસે દેખલો જાતા રહે ગિલા દિલકા ।
બસ એક નિગાહપે ઠહરા હય ફયસલા દિલકા ।

રૂથ ! બહાદુર રૂથ !! પોતાની આબરૂની બચાવનાર, નીતિની રખેવાળ અપમાન ભર્યા જીવન ઉપર, અપજશ ભરી જીન્દગાની ઉપર, આબરૂની મોતને સન્સાઇ આપે છે અને ચીના સાથે લગ્ન કરવા ચોખ્ખી "ના' પાડે છે

ઇશ્વર આ બાળાનું રક્ષણ કરો —

ગરીબોનો આધાર હે ઇશ ! તૂ છે !
જગતનો મદદગાર હે ઇશ ! તૂ છે !
દુખીનો સદા યાર હે ઇશ ! તૂ છે !
જમાનાનો સરદાર હે ઇશ ! તૂ છે !

બચાવીલે જાલમના પંજાથી રૂથને !
બચાવીલે ગમના સંકજાથી રૂથને !

ફ્રેન્ટોમસ આખરે જે ઓરડામાં બંધ છે તેનું બારણું તોડીને બહાર આવે છે !

વાચનાર ! સઉથી તેજ અને બાળીને ભસ્મ કરનારી અને રાખ કરનારી આગ કઇ ? તે ખચિ-તજ અદેખાઇની આગ છે ! જેમાંથી ધુમાડો નીકળતો નથી ! બળવાના ચિન્હો જાહેર થતા નથી !! એ આગ સળગાવવા માટે દીવાસળી કે, ગ્યાશતેલ કે, સ્પ્રીટની જરૂર પડતી નથી એ હૃદયમાં સળગે છે અને અંદરજ બાળીને ભસ્મ કરી દે છે !

પેની કાળા બુરખાવાલી ! પેની ફ્રેન્ટોમસ માટે સબડતી, રવડતી, રઝડતી અબળા ! આજે પોતાના સઘળા દુખોનો અંત લાવે છે આજે તે પોતાના સંકટોની સમાપ્તિ કરે છે ! આજે તે પોતાના દર્દનો છેવટનો ઇલાજ ઓઝવે છે !

જો આજતક ન કિયાથા—વો આજ કરતી હય,
વો આપને દર્દકા મરકર ઈલાજ કરતી હય !

એટલે જ્યારે ફ્રેન્ટોમસને મેળવવામાં નિષ્ફળ નિવડે છે, તો પોતાના હાથે ઝેર પીને પોતાનો અંત લાવે છે ! કેવો કરૂણાજનક અંત !!

પેનો અને માશ હવે ઓરડાનો દરવાજો તોડી બહાર નીકળી અને પાધરો ચીનાના ઓરડામાં આવે છે, જ્યાં રૂથ અને પેનો બદમાશ વચ્ચે રીકઝીક થઇ રહી છે !

જેક અને બ્લેક રૂથની શોધમાં ચીનાના ઘેર સુધી આવી પહોંચે છે અને દિવાલ કુદાવીને ઘરમાં દાખલ થાય છે !

હેરિંગ્ટન બિચારો પોતાની એક પુત્રી છોકરીના વિયોગમાં તરફ્-ડયાં મારે છે ! પણ ફ્રેન્ટોમસના મવાલી ગોઠીયાએ તો તેના સંકટોમાં

વધારો કરવા અને તેને દુઃખ ઉપર ડામ આપવા તેની પુઠે લાગેલાજ છે એટલામા સામેની બારીથી એક માણસનો હાથ અંદર આવતા દેખાય છે તેવોજ હેરીંગ્ટન તેની સામે પિસ્તોલ ટાકે છે તેટલામાતો બે મવાલીઓ પછવાડેથી આવીને તેને પકડી લે છે અને ત્યાથી ઉચકી જાય છે।

અહી જેક અને બ્લેક છુપા વેશમા ચીનાના ઘરમાજ છે એટલામા ત્યા પોલીસનો દરોડો પડે છે ફેન્ટોમસ સતાઇ જાય છે રૂથ એક ભોયરામા કેદ છે।

"અમે હેરીંગ્ટનને શોધવા અહી આવ્યા છીએ ઘરમા આવતાજ એક પોલીસ ઓફીસર ચીનાને સવાલ કરે છે।

'અહી તો કંઇ નથી।" સાચાઓનો ગુરૂ ચીનો હિમ્મતથી જવાબ આપે છે

"અમે તમને સાચા માણસ સમજીએ છીએ" પોલીસ અધીકારી કહે છે અને 'તમે જે કહ્યુ તે માન્ય રાખીએ છીએ"

એટલુ કહી સઘળા પોલીસના માણસો ત્યાથી ચાલી જાય છે અને વડો અધીકારી પોતાના માણસોને કહે છે કે ચીનો જુઠુ બોલેજ નહિ। તે તો અમારો મદદગાર છે।

ફેન્ટોમસ બહાર આવે છે એટલામા તો માણસો હેરીંગ્ટનને એક પેટીમા બંધ કરીને લઇ આવે છે

જેક અને બ્લેક છુપીને ત્યા દાખલ થાય છે એકા એક તેમની ઉપર પેલા ચંડાળ ચીનાની નજર પડે છે અને તે એક બટન દબાવે છે અને બન્ને એક છટકામા સપડાઇ જાય છે. અને કટોરામા બંધ થઇ જાય છે।

બાપ દીકરીનો મેળાપ થાય છે। હવે પાછી ફેન્ટોમસ અને ચીના વચ્ચે રૂથના સબંધમા તકરાર ચાલે છે

"રૂથ તો મારી છે" ચીનો કહે છે "આપણો એકરાર તરજુમો કરવાનો હતો, તે મે કરી આપ્યો"

૭ ૭ અઠવાડયાઓથી પ્રેક્ષક વર્ગનુ દિલ બહેલાવી રહેલી હમારી ડીટેકટીવ સીરીયલ ફેન્ટોમસ આજે છેલ્લા અઠવાડયામાં દાખલ થાય છે



૪૦ ભાગ ફેન્ટોમસ યાને શરીફ બદમાશ ૪૦ ભાગ

ધાર્યો કરતા આ સીરીયલે તમાશબીન આલમને ઘણીજ ઉમદા મોજ ચખાડી છે

"પણુ" ફ્રેન્ટોમસ કહે છે "તે તો તદન નકામો છે !"

હવે આપણે બન્ને માથી તેણી જેને પસદ કરે તેની સાથે લગ્ન કરે તે

જેક બ્લેક જે બન્ને કેદ છે તેઓ બારી આગળ એક સીપાઈને બોલાવે છે અને તેને એક ચીઠી આપે છે અને તેમા પોતાની સઘળી હકીકત વર્ણવી મદદની માગણી કરે છે પોલીસ સીપાઈઓ ભેગા કરે છે

પ્રકરણ ૧૯.

ભાગ ૧૯

બીછી હય ઇશ્કકી ચવસર લગી હહ જાનકી બાઝી

ચલો દેખે કે કીસ્કી જીત કિસ્કી ભાર હોતી હય !

હવે ચીનો એવુ સુચવે છે કે, અમારે ત્યા એવા ઝગડાઓ પાસાથી ચુકવવામા આવે છે આવો આપણે એજ છોકરી પાસે પાસા ઉચકાવીએ જેને ઓછા મળે એ છોકરી તેની થઇ જાય ફ્રેન્ટોમસ કબુલ થાય છે ! રૂથના હાથે પાસા ફેગવવામા આવ છે

ફ્રેન્ટોમસને પાચ મળે છે !

ચીનાને બે આવે છે !

એટલે રૂથ તો ચીનાની થઇ ગઇ !?

એટલામા પોલીસનો દરોડો આવે છે ! અને ખુબ ઝપાઝપી થાય છે જેક બ્લેક છુટા થઇ જાય છે !

કાળા બુરખાવાલી મુવેલી પડેલી છે ! !

૫દર મીનિટ પછી ચીનો એક સ્ટીમર ઉપર આવી લાગે છે જે મકસીકો જવા માટે તઇયાર હોય છે ! બ્લેક અને જેક તેને રસ્તામાજ જોઇ લે છે ફ્રેન્ટોમસ પણ એક બુઢ્ઢીના વેશમા આવી લાગે છે અને

ફેન્ટોમસ યાને શરીફ બદમાશ



ધાર્યું ધણીનુ થાય છે ' કેટલાક બુરા બદમાશો, ગમે તેવા કાલા કામો કરવાથી અચકાતા નથી પરંતુ આખરે પોતાના પાપને ફેજે પુગ્યા વીના રહેતા નથી

ચીનાને પોતાની ાસમે બોલાવે છે ખુદ તે પછી ફ્રેન્ટામસ, ચીનાની કેબીનમા જાય છે

રૂથ અને હેરિંગ્ટન પણ ચીનાની સાથેજ છે।

ફ્રેન્ટામસ જલદી વહાણુ હકારવા કહે છે કપતાન કહે છે કે, અમારી પાસે માણુસો થોડાક છે માટે જલદી ન થઇ શકે।

'તો મદદ કેમ મગાવતા નથી?" ફ્રેન્ટામસ હુકમ કરે છે।

ફ્રેન્ટામસ હેરિંગ્ટન વિષે સવાલ કરે છે

"તે બાજુના ઓરડામા છે" જવાબ મળે છે ચીનો હેરિંગ્ટનને પેટીમાથી બહાર કાઢી દેખાડે છે.

જેક બ્લેક સ્ટીમરના કિનારા પરજ છે। તેઓ મજુર બની સ્ટીમરમા આવી જાય છે।

રૂથ આપઘાત કરવાની તઇયારીમા છે પણ ચીનો તેને અટકાવે છે જેક બ્લેક પછી બન્ને પકડાઇ જાય છે

પ્રકરણ ૨૦.

ભાગ ૧

નર્કરૂપી વહાણુ!

હેરિંગ્ટનના બહાર નીકળતાજ રૂથની તેની ઉપર નજર પડે છે। ફ્રેન્ટામસ હેરિંગ્ટનની પુછપરછ કરે છે। અમે મેકસીકો જઇએ છીએ હવે મહેરબાની કરીને તે નુસખો બતાવી દયો।

કહે છે કે જ્યા સાચો પ્રેમ હોય છે ત્યા હમેશા મુશ્કેલીથી નડયાજ કરે છે. તેનો તાજો પુરાવો તમોને જેક અને રૂથની આશક માશુક જોડી આજે

વીલ્યમ ફોક્સની તદન નવી ફીટફ્રીવ સીરીયલ



પુરો પાડે છે દરેક મુશ્કેલીઓમાથી બચી આખરે તે ખરા પ્રેમીનો આજે એક બીજાના પ્રેમમા સદાના જોડાયા છે

ફ્રેન્ટોમસ રૂથના ઓરડામા જાય છે અને તેણીની સતાવણી કરે છે। વહાણ હંકારી જાય છે અને થોડા દિવસમા તે મેકસીકોના કીનારાપર પહોચી જશે।

જેકની ફ્રેન્ટોમસ ઉપર નજર પડે છે અને રૂથ તથા હેરિંગ્ટન પણ ત્યાજ હોવા જોઇએ એવુ ધારે છે।

રૂથ હેરીંગ્ટનનો મેળાપ થાય છે

ચીનો રૂથને લઇને બીજા ઓરડામા જાય છે। એટલામા જેક અને બ્લેકપર ચોકીદારની નજર પડે છે ચોકીદારને પકડી પાડી જેક ઓરડામા ઘુસી જાય છે અને ચીનાને મારે છે ચીનો પીસ્તોલ ફોડે છે એટલામા મવાલીઓ ત્યા આવી લાગે છે અને ખૂબ ઝપાઝપી થાય છે જેક નહાસી દરયામા કુદી પડે છે ફ્રેન્ટોમસ પીસ્તોલ છોડે છે।

અહી ચીનો રૂથની સતાવણી કરે છે પણ ત્યા તેટલામા ફ્રેન્ટોમ્સ આવી લાગે છે અને પિસ્તોલ ફોડવા જાય છે પણ તેમા ગોળીઓજ ખલાસ થઇ ગઈ છે હવે હાથોહાથ અને બાથોબાથ લડાઇ ચાલે છે એટલામા ચીનાના માણસ આવી લાગે છે અને ફ્રેન્ટોમ્સને પકડી પાડી ચાદરમા બાધવામા અને વિટાળવામા આવે છે ચીનાના માણસો તેને સમુદ્રમા ફેકી દે છે।

જેક બ્લેક તરીકે કિનારાપર આવે છે।

સ્ટીમર મેકસીકો પહોચે છે રૂથ અને હેરિંગટન બન્ને કેદ છે। જેક બ્લેક બન્ને કિનારાપર આવી ગયા છે પણ ચીનાના માણસો તેમને પકડી પડે છે।

ફ્રેન્ટોમ્સ છરી વડે ચાદર કાપીને બહાર નીકળે છે અને ચીનાથી બદલો લેવાનો નિશ્ચય કરે છે।

ચીનાના માણસો જેક બ્લેકને પકડી લાવે છે ત્યાજ ચીનાના ઘરમા રૂથ અને તેનો બાપ હેરિંગ્ટન પણ કેદ છે

ફ્રેન્ટોમસના માણસો પહાડમા છુપાયલા છે ફ્રેન્ટોમસે ઇનામનો લાલચ આપી એક મેકસીકનને ચીનાના ઘરનો પત્તો પુછે

૧૨૨૩૩

દાસ વિરહ ?

રાહ—અમારી દીનનો રાહબર અશો જરથુસ્ત પયગમ્બર !

(૧) અરે ઓ હિંદ માતા ! આજ હય યેહ તેરા રોના કયો ?
,, યે દામનકો ભિગોના કયો ? યે મુહ આસૂસે ધોના કયો ?
(૨) નહી દિલકો તેરે રાહત ! યે કયસી આઇ હય આફત ?
,, તેરી બે ચયનિયા કસસી ? યે કાટોકા બિછોના કયો ?
(૩) સમજમે કુચ્છ નહી આતા, કે આખર તૂને ખોયા કયા !
,, યે હરદમ આસૂઓકે તારમે મોતી પિરોના કયો ?
(૪) ન રવનક આજ બાકી હય ! ન સાગર હય, ન સાકી હય,
,, બના સુનસાન મહફિલકા તેરી હર એક કોના કયો ?
(૫) યે બોલી હિંદ માતા કયા અભી તક બે ખબર હય તૂ
,, જો મુજસે પૂછતા હય હર ઘડી યેહ મેરા રોના કયો ?
(૬) મેરા પ્યાસ, મેરી આખોકા તારા દાસ બાબુ થા !
,, ઉસીકે ગમ મે હાલત યે હુઈ હય અઓર રોના કયો ?
૭ નિરાશા દૂર કરદે અય ખુદા અ૦'ર આસ પરદાકર !
" કરે જો દેશકી સેવા ફિર અયસા દાસ પયદાકર !

પ્રકરણ ૨૦

ભાગ ૨

ફ્રેન્ટોમસનો અંત

ફ્રેન્ટોમસ ધનનો પત્તો મેળવી પહાડમાંથી દરોડો લઇ આવે છે ચીનાને આ દરોડાની ખબર પડે છે તેમજ જેક અને બ્લેક પણ જાણી લે છે

ચીનો હવે એવા નિશ્ચય ઉપર આવે છે કદી પણ શરણુ થવુ નહિ બસ લડવુ યા મરવુ

એટલામાં જેક બંધાયલો છે ત્યા ચીનાના માણસો આવી લાગે છે

મને જો છુટો કરી દે, તો, હુ તુને મદદ આપુ અને ફ્રેન્ટોમસ સાથે લડુ પેલો જેકને તરતજ છુટો કરી દે છે જેક બારી તોડીને બહાર આવે છે અને ઘોડા ઉપર બેસી યા હોમ તેને દોડાવે છે અને પોલીસ સ્ટેશન ઉપર પહોચે છે

ફ્રેન્ટોમસ રૂથ હેરીંગ્ટન અને ચીનો બધા એકજ ઠેકાણે ભેગા થાય છે હવે ફ્રેન્ટોમસ અને ચીના સાથે જામી છે પણ શરીફ બદમાસ છુઢા પાપી ચીનાને ઠાર કરે છે।

ફ્રેન્ટોમસ હવે જીવ પર આવી ગયો છે તે બધાનેજ ઠાર કરવા અને ખલાસ કરવા માગે છે તે હેરીંગ્ટનના માથા પર પીસ્તોલ ખેંચી મારે છે રૂથ પોતાના પિતાને બચાવે છે

એવામા જેક પોલીસની મદદ લઇ આવતો જણાય છે ફ્રેન્ટોમસને પણ ખબર પડી જાય છે કે, પોલીસ આવી લાગી છે.

દેશબંધુ દાસ

હીંદના હીરા, બંગાળના તાજ વીનાના મહારાજા, બાહોશ ધારાશાસ્ત્રી, નીડર નેતા, પાકા રાજદ્વારી, સાચા મુત્સદ્દી માતૃભુમીના સપુત, દીનના દોસ્ત, ભારતના બળવાન જુના રૂપ, આત્મા ત્યાગી સ્વરાજના ઝંખનાર, આઝાદી ખાતર જેલની સરકારી મહેમાની સ્વીકારનાર, દેશબંધુ ચીતરંજન દાસ

ને છેવટનું માન

ભેગુ થયલું ચાર લાખ માણુનું ઝબરદસ્ત સરઘસ!

હિંદમા કદી નહિ જોએલો એવો દેખાવ!

સમશાન ભુમીપર જામેલી ઠઠ!

તમે પણ આ દેશ વીરલાને છેવટનુ માન આપો!

ગ્લોબ સીનેમા

માં ખાસ મોહટા ખરચે દાસ બાબુની પાયદસ્તના જબરદસ્ત સરઘસની ફિલ્મ મંગાવવામા આવી છે જે જોવા માટે લોકોની જબરી ધમાલ ચાલે છે! તમે પણ આવો અને આ હિંદ માતાના ખરા સેવકને

છેવટનું માન આપો!

ગ્લોબ! ગ્લોબ! ગ્લોબ!

તે કમબખ્ત હવે સુંદર રૂથને લઇને નહાસી જવા માગે છે અને તેણીને લઇને એક ઓરડામા આવે છે હેરીગટન શુદ્ધીમા આવે છે

જેક સાથે મદદ લઇને ઘરમા દાખલ થાય છે અને ફેન્ટોમસ તરફ પીસ્તેલ તાકે છે પીસ્તોલ તેના હાથમાથી ખુંચવી લેવામા આવે છે અને બને હાથો હાથ થઇ જાય છે ફેન્ટોમસ હવે છરી કાઢે છે બન્ને જીવ ઉપર આવી ગયા છે આખરે ફેન્ટોમસ જેકને પકડી પાડે છે અને તેની છાતી ઉપર ચઢી છરીથી તેને બેજાન કરવા જાય છે પણ કુદરત જેકની મદદે આવે છે એટલે છરી ઉથલાઇ જાય છે અને જેકને લાગવાના બદલામા ખુદ ફેન્ટોમસની છાતીમા ભોંકાય છે તે ઘાતકી જાનીમ બદમાશ પોતાનાજ હાથે ઝખ્મી થઇને બે જાન થાય છે અને ધર્મો જય ॥

રૂથ હેરીગટન જેક વગેરે સઘળાનો મેળાપ થાય છે અને સઘળા પાપીઓ તેમના ફેજે પહાચે છે।

આવો આપણે આ જવાન જોડા માટે તેઓ ઘણુ સુખ ભોગવે એવી પ્રાર્થના કરી એક મુબારક બાદીની ગઝલ તો લલકારી -

રચી હય ધૂમસે શાદી! મુબારક હો! મુબારક હો!!
હુઈ કયા ખાના આબાદી! મુબારક હો! મુબારક હો!!
ચલે આનદકા પ્યાલા, હુવા હય દુખકા મુહ કાલા,
હુઈ દુશમનકી! બરબાદી! મુબારક હો' મુબારક હો!!
કિયા ઇન્સાફ કુદરતને, કે, અચ્છો કો મિલી રાહત
હુઈ હય દૂર બે દાદી! મુબારક હો! મુબારક હો!
રહો આનદમે હરદમ, નહી અબ કોઇ રજો ગમ,
મિલી હય તુમકો આઝાદી! મુબારક હો મુબારક હો!

મુબારક! મુબારક!! મુબારક!!!

ચાલો.

મુસલમાન ભાઇઓના બકરી ઇદ ના તહેવાર માટે

ઇરાનનો મહાન કવી

ઉમર ખૈયામ

ની તવારીખ રૂપી ફીલમ આવે છે

- ઇદ માટે તૈયાર થાઓ!

ગ્લોબ સીનેમા

એ કંઇ નવુંજ દેખાડવાનો બંદોબસ્ત કર્યો છે ! એક

ઘણીજ મનમોહક અને સુંદર ફિલ્મ ખાસ

મોટા ખરચે મગાવવામા આવી છે !

જબરી ધમાલ

પડવાની અમે દરેક વકી રાખીએ છીએ

કેમકે

શોખીન ઇસ્લામી પ્રજા

અમને સંપુર્ણ આશા છે કે, એ તક ગુમાવશે નહિ

ફ્રેન્ટોમસ યાને શરીફ બદમાશ

સંસારમાથી આપણને ઘણાક દાખલાઓ મલી આવે છે કે કેટલીક સ્ત્રીઓ જાણુ અજાણુ કેટલાક હવની હયવાન બુરા બદમાશની પાછળ ઘસડાઈ પોતાનુ દિલ અર્પણ કરી આખરે રખડી રખડીને પોતાના હાથેજ પોતાનો અંત લવે છે



અને તેનો એક વધુ પુરાવો પેલી ફ્રેન્ટોમસની માશુક-કાળીબુરખાવાલીનો અંત જોઈને તમારી ખાત્રી થશે

ગ્લોબ સીનેમા સેન્ડહર્સ્ટ રોડ

હીંદનો હીરો, બંગાળનો તાજ વગરનો રાજા



મહાન દેશભક્ત દેશબંધુ દાસ.

ખિલાફત પ્રેસ, સુલતાન મેન્શન, ડુંગરી મુંબઇ નં ૯